# આજે શહેરમાં સરદાર પટેલની ૧૪૦મી જન્મ જયંતિ ઉજવાશે

## વિધાનસભા સ્થિત તૈલચિત્ર અને પટાંગણમાં પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવશે. ગાંધીનગર ખાતે રન ફોર યુનિટિ અંતર્ગત દોડ પણ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સહિત દેશભરમાં આજે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. જેમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવશે. ઉપરાંત ગાંધીનગર ખાતે રન ફોર યુનિટી અંતર્ગત દોડ પણ યોજાશે.

અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મ જયંતિની આજે ૩૧ ઓકટોબર ૨૦૧૪ના રોજ દેશભરમાં ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં પણ સરદાર પટેલની પ્રતિમા ખાતે શહેરના આગેવાનો અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. ઉપરાંત ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પણ પુષ્પાંજલિ આપવાનું નક્કી કર્યુ છે. જયારે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિ ગાંધીનગર દ્વારા પણ શાનદાર ઉજવણી કરવામાં આવશે તેમ કન્વીનર વિક્રમ પટેલે જણાવ્યું હતું.

**● ગાંધીનગરમાં રન ફોર યુનિટી અંતર્ગત દોડ યોજાશે**

ગાંધીનગર ખાતે આજે તા. ૩૧મી ઓકટોબર ૨૦૧૪ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાશે. તા. ૩૧મી ઓકટોબર ૨૦૧૪ના રોજ રન ફોર યુનિટીના કાર્યક્રમ અંતર્ગત યોજાનાર દોડનો મહાત્મા મંદિરથી ઘ-૪ સર્કલ વચ્ચેના સેન્ટ્રલ વિસ્ટાથી સવારના ૮.૩૦ કલાકે મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપીને આરંભ કરાશે ત્યાર બાદ રન ફોર યુનિટીનો દોડ ઘ-૪ બેંક ઓફ બરોડા, એલઆઈસી કચેરી, અખબાર ભવન થઈ રામકથાના મેદાન, સેકટર-૧૧ ખાતે જશે. રામકથા મેદાન ખાતે આ દોડનો પુર્ણાહુતિ કાર્યક્રમ સંપન્ન થશે.

ગાંધીનગર ખાતે યોજાનાર રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ૫૦૦૦થી વધુ નગરજનો, રમતવીરો, વિવિધ મંડળોના અગ્રણીઓ, સ્વામી વિવેકાનંદ મંડળના સભ્યો, સ્થાનિક સંસ્થાઓના અગ્રણીઓ, વિદ્યાર્થીઓ વગેરે ભાગ લેનાર છે. રન ફોર યુનિટીની દોડનો આરંભ સવારના ૮.૩૦ કલાકે મહાત્મા મંદિરથી ઘ-૪ સર્કલ વચ્ચેના સેન્ટ્રલ વિસ્ટાથી થશે ત્યારબાદ દોડ ઘ-૪, બેંક ઓફ બરોડા, એલ.આઈ.સી.ની કચેરી, અખબાર ભવન થઈને રામકથા મેદાન સેકટર-૧૧ ખાતે પૂર્ણ થશે. આ સમગ્ર રૂટ અંદાજે ૨ કિલોમીટરનો થશે.

રન ફોર યુનિટીમાં નગરજનોને જોડાવવા ગાંધીનગર જિલ્લા કલેકટર રવિશંકરે અનુરોધ કર્યો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**પાલનપુરમાં સરદાર જયંતિની પૂર્વ સંધ્યાએ બાઈક રેલી યોજાઈ**

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની આવતી કાલે દેશભરમાં ૧૪૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. ત્યારે જન્મ જયંતિની પૂર્વસંધ્યાએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં બાઈક રેલી યોજાઈ હતી. પાલનપુર શહેરના પાટીદારોના સરદાર ગ્રુપની આગેવાનીમાં વિશાળ બાઈક રેલી શહેરમાં ફરી જૂના ગંજ બજારમાં સ્થિત સરદાર પટેલનો જય જયકાર કરી શહેરીજનોમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો.

# મનપા-ગુડા વિસ્તારમાં સાયકલ શેરીંગ યોજના મંજુર

## સ્પેશ્યલ પર્પઝ વ્હીકલની સ્થાપના કરાશે : ૧૦૪ સાયકલ સ્ટેશનો અને ૧૪૩૦ સાયકલો મુકાશે

ગાંધીનગર, તા. ૩૦

પાટનગરમાં વધી રહેલા ટ્રાફિક અને પ્રદૂષણને પહોંચી વળવા માટે ગાંધીનગરમાં સાયકલ શેરિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવશે. મહા નગરપાલિકા વિસ્તાર અને ગુડા વિસ્તાર માટે મુખ્યમંત્રીએ આજે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સાયકલ પ્રત્યે જન અભિરૂચિ કેળવાય અને ખાનગી વાહનોનો ઉપયોગ ઘટે તે હેતુથી સાયકલ સિસ્ટમ ચાલુ કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના પાટનગર ગાંધીનગરના મહાપાલિકા વિસ્તાર તેમજ ગુડાના ક્ષેત્રોમાં જનઅનુકૂળ પરિવહન સુવિધા રૂપે સાયકલ શેરિંગ સીસ્ટમ કાર્યરત કરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સીસ્ટમ કાર્યરત થતાં ૧૦૪ જેટલા સાયકલ સ્ટેશન અને ૧૪૩૦ સાયકલો હવે ગાંધીનગર મહાપાલિકા અને ગુડા વિસ્તારના નાગરિકો માટે ટુંકી મુસાફરી અનુકૂળ પરિવહન સવલત પુરી પાડશે.

પર્યાવરણ પ્રિય એવી આ સાયકલ શેરિંગ સિસ્ટમને પરિણામે ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડવાની અને સાયકલીંગ પ્રત્યે નાગરિકોમાં અભિરૂચી કેળવવાની નેમ રાખવામાં આવી છે. આ સાયકલ શેરીંગ સીસ્ટમ માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા) દ્વારા એક SPY સ્પેશ્યલ પરપઝ વ્હીકલની સ્થાપના કરાશે જેમાં ગુડા, મહાપાલિકા અને માર્ગ-મકાન વિભાગના કેપિટલ ડિવિઝનનો પણ સમાવેશ કરવામાં આવશે

SPY ની રચના કરવા સુધી પ્રાથમિક તબક્કે આ પ્રોજેકટનું અમલીકરણ ગુડા કરશે. પ્રોજેક્ટના પ્રથમ વર્ષ માટે ગુડાએ રૂ. ૫.૫૦ કરોડની ઓપરેટિંગ કોસ્ટનો અંદાજ રાખ્યો છે.

### ભાટમાં સ્થિત ટોરેન્ટ રીસર્ચ સેન્ટરનાં ડકમાં આગ...!

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક કોબા-ઈન્દીરા બ્રીજ માર્ગ પર સ્થિત ભાટ ગામની સીમમાં આવેલા ટોરેન્ટ રીસર્ચ સેન્ટરના ડકમાં આજે બપોરના અરસામાં સામાન્ય આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમને ઘટનાની જાણ થતા ફાયર ઓફીસર મહેશ મોડ ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. જો કે આગ એટલી સામાન્ય હતી કે ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલા તો કાબુમાં લઈ લેવામાં આવી હતી. આ આગ દુર્ઘટનામાં કોઈ મોટી માલ હાની થવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે.

# પાલનપુરમાં પ્રેમી યુવકે પ્રેમીકાને છરી હુલાવી પોતાના પર પણ ઘા કર્યો પ્રેમીકાની મા વચ્ચે પડતા ત્રણ ગંભીર

પાલનપુર, તા. ૩૦

પાલનપુરમાં મોડી સાંજે એક સાથે ત્રણ-ત્રણ જણાં તિક્ષ્ણ છરીથી ઘાયલ થયાનો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.આ કરૂણ ઘટના હિંસક હુમલાના બનાવની પ્રાપ્ત વિગતોનુસાર શહેરના હાઈવે વિસ્તારમાં હનુમાન ટેકરી નજીક આવેલ સોસાયટીમાં રહેતી એક યુવતીને આ જ વિસ્તારમાં રિક્ષાચાલક સાથે પ્રેમ થઈ જતાં તે બંને ભાગી છુટેલ. ત્યારે આજથી એકાદ વર્ષ અગાઉ આ બંને વચ્ચે પ્રેમાંકુર ફુટતાં એકબીજાના સાથે જીંદગી જીવવાના કોલ આપેલા.

પરંતુ બંને પક્ષે ફરાર થઈ જવાના અંતે હોબાળો થતા બંને પરત પોત પોતાના ઘરે આવી ગયેલ. ત્યારબાદ બધુ થાળે પડી ગયેલ. પણ થોડાક સમય અગાઉ આ યુવક કે જે વડગામ તાલુકાના ધનાલી ગામનો હરેશ વિરાભાઈ રાવળને તેની પ્રેમીકાના અન્યત્ર લગ્ન તેણીના પરિવારજનો દ્વારા ગોઠવવાની પ્રક્રિયાના સમાચાર મળેલ. બસ ત્યારથી પ્રેમી યુવકનો પારો છટકતાં આજે હાઈવે પર આવેલ ચાણક્યપુરી સોસાયટીમાં ક્રોધીત થઈ તિક્ષ્ણ છરા સાથે પ્રેમીકાના ઘરે પહોંચી પેટમાં આડેધડ ઘા ઝીંકી દીધેલ. મારી નહી તો કોઈની પણ નહી જેવી ફીલ્મોની પટકથાની જેમ પ્રેમિકાને ગંભીર ઘાયલ કરી પોતાની જાત પર પણ હુમલો કરી આત્મહત્યાનો પ્રયાસ કરેલ. ત્યારે યુવતીની માતા વચ્ચે પડતાં તેણીને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. યુવક યુવતીની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા છે.

### કર્મચારીઓ છૂટા કરાયા

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં પંચાયતને બેસવા માટેનું મકાન પણ નથી તેમજ અધિકારીઓ પણ પૂરતા પ્રમાણમાં નથી તો બીજી તરફ હવે કર્મચારીઓની ઘટને લઈ તંત્ર વધુ ખોડંગાતુ જોવા મળશે.

કેડર રિવ્યુ ન થવાને કારણે જિલ્લાના વિસ્તાર પછી પણ અધિકારીઓની જગ્યાઓ જે અપગ્રેડ થવી જોઈએ તે કરાઈ નથી. નવુ મહેકમ મંજૂર કરવું જોઈએ તે પણ કરાયું નથી. આ ઉપરાંત આ બે વર્ષ દરમ્યાન નિવૃત્ત થતા કર્મચારીઓની સંખ્યા પણ મોટી છે. તેવા સંજોગોમાં પંચાયતી રાજ વ્યવસ્થા સામે ગંભીર પડકારો ઉભા થયા છે.

### ભીખુદાન ગઢવી...

**● ૩જા પાનાનું ચાલુ**

રૂપાલાજીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે વિશ્વમાં માત્ર ભારત એક જ એવો દેશ છે કે જ્યાં સ્ત્રીને જગદંબાનો દરજ્જો આપવામાં આવે છે. વિશ્વના કોઈપણ ખૂણે જઈ શ્રદ્ધાથી હાદ પાડો અને ન આવે તો એ મા ભગવતી નહિં. શ્રી જય અંબે પરિવારના માતૃ સંસ્કૃતિને જાગરણ કરવાના પચીસ પચીસ વર્ષોના પ્રયત્નોને ધન્યવાદ છે. ભગવાનને વિચાર આવ્યો કે હું ઘેર ઘેર નહીં પહોંચી શકું એટલે 'મા' નું સર્જન કર્યુ. શાસ્ત્રો પણ એ શીખવાડે છે કે હે મા જગદંબા અમને દુ:ખ દૂર કરવાની શક્તિ દેજો.

જેમની જીહવા પર મા સરસ્વતી વસેલા છે એવા શ્રી ભીખુદાનભાઈ ગઢવીના સ્વરે દુલા ભાયા કાગના લોકગીતો, લોકવાણી, દેશ ભક્તિગીતો અને મા જગદંબાની વંદનાના અમૃતરસે લોકોના હૈયા ડોલાવી દીધા. થાળીમાં એકજ રોટલો પડ્યો હોય અને અતિથિ આવે તેને ખવડાવી દે ને પોતે ભૂખ્યો રહે એવી આ હિન્દુ સંસ્કૃતિ છે. તમારા ઘરમાં શાંતિ હોય તો સમજી લેજો કે ઘરમાં કોઈ સ્ત્રી સહન કરે છે. મહાભારત વાવોને ગીતા નીકળે એવી આ ભારત ભૂમિની તાસીર છે. લોકગીતની વ્યાખ્યા આપતાં જણાવ્યું હતું કે ઘરના આંગણામાં પાણી પાઈને છોડને ઉછેરો એને ગીત કહેવાય અને વગડામાં એની મેળે ઉછરે એને લોકગીત કહેવાય. પાંચ હજાર શ્રોતાગણ સમાઈ શકે એવા વિશાળ સભા મંડપમાં ખીચોખીચ બેસીને, મટકુ પણ માર્યા વગર હજારો ચાહકોએ ડાયરાના આનંદને માણ્યો હતો. રાષ્ટ્રીય સાયર ઝવેરચંદ મેઘાણીના 'કસુંબીનો રંગ લાગ્યો' દેશ ભક્તિ ગીતમાં ડાયરાના યજમાન શ્રી રાકેશભાઈ પટેલે કલાકારોને પ્રોત્સાહીત કરી ડાયરાના આનંદને પરમસીમાએ પહોંચાડ્યો હતો.

૩૧ ના રોજ માતાજીને છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવશે અને રાત્રે ગોલ્ડન ગ્રુપના સહયોગથી રાસ-ગરબાની રમઝટ જામશે. અદ્ભૂત દીપ નૃત્ય આરતી કરવામાં આવશે..

### ઘાત ટળી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રાજયમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું જે પૈકી કેટલાક સ્થળોએ ઝરમર વરસાદ પણ પડ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે. નિલોફર વાવાઝોડું હાલમાં નલીયાથી માત્ર ૬૮૦ કિલોમીટર દૂર સ્થિત છે. અને ઉત્તર પશ્ચિમ અને ત્યારબાદ પશ્ચિમ તરફ ગતિ કરનાર હોવાથી ઉત્તર ગુજરાત સહિત રાજસ્થાન તથા કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજ્યના અનેક વિસ્તારો આ સંભવિત વાવાઝોડા તથા ડિપ્રેશનથી પ્રભાવિત થનાર હોવાથી દ્વારકાના ઓકા બંદર, પોરબંદર, વેરાવળ બંદર વગેરે બંદરો ઉપર ત્રણ નંબરનું ભય સૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. અમદાવાદ સ્થિત હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ આજે મીડિયા સાથે વાતચીત કરતા નિલોફર વાવાઝોડું નબળુ પડ્યું હોવા અંગે તેમજ નલીયા કાંઠે ત્રાકટશે ત્યારે ડિપ્રેશનમાં ફેરવાઈ જશે. જેથી વાવાઝોડાથી સર્જનારી સંભવિત તબાહીનો ભય ટળ્યો હોવાની સત્તાવાર જાહેરાત કરી હોવાથી પ્રંચડ વાવાઝોડાની સંભવિત અસરથી ભયભીત પ્રજા તેમજ ગુજરાત સરકારને મોટી રાહત થઈ છે. નિલોફર વાવાઝોડાનો ભય તો ટળ્યો છે પરંતુ આ વાવાઝોડું ડિપ્રેશનમાં ફેરવાતા ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં ગુજરાત માર્ગ પરિવહન નિગમ દ્વારા સંભવત વિસ્તારોમાં નવ જેટલા કંટ્રોલ રૂમ શરૂ કરી અસરગ્રસ્ત નાગરીકોને સલામત સ્થળે ખસેડવા એસટી બસો પુરી પાડવાનું ઘનિષ્ઠ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત નેવી, કોસ્ટગાર્ડ, એરફોર્સ, એનડીઆરએફ, એસઆરપી, પોલીસ વગેરે સંસ્થાઓને હજુ પણ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. અને જરૂર પડે ત્યારે તાબડતોબ ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવાની સૂચના પણ આપવામાં આવી છે. દરમિયાન રાજ્યના મુખ્ય સચિવ ડો. વરેશ સિંહાએ આજે ગાંધીનગર ખાતે સ્સેટ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપની બેઠકમાં જણાવ્યું હતું કે, અરબી સમુદ્ર ઉદભવેલું નિલોફર નામનું વાવાઝોડું હવામાન ખાતાના અહેવાલ અનુસાર નબળું પડી રહ્યુંછે. હવે, સૌરાષ્ટ્ર કચ્છના વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવનાઓ રહેલી છે ત્યારે ભારે વરસાદના કારણે ઉભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા જરૂરી તમામ પગલાંઓ લેવા માટે જિલ્લા કલેક્ટરને સૂચનાઓ આપવામાં આવી છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં કાચા મકાનોમાં રહેતા લોકોનું સ્થળાંતર કરવા, ભારે વરસાદ થાય તો ત્યારબાદ આરોગ્ય વિષયક લેવાના પગલાંઓ, ડેમ ઉપરના વોટર લેવલનું મોનીટરીંગ કરવા, પશુધન માટે આવશ્યકતા અનુસાર ઘાસની વ્યવસ્થા કરવા પણ તેમમે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. રીલીફ કમિશ્નર ડીએન પાંડેએ જણાવ્યું હતું કે, નબળું પડ્યું છે, આમ છતાં એનડીઆરએફની ટીમો સહિતની મહત્વની વ્યવસ્થાઓ અત્યારના સંજોગોમાં યથાવત રહેશે.

### સે-૨૮ દત્ત મંદિરે પાદુકા પૂજન મહોત્સવ

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૨૮ સ્થિત ત્રિમૂર્તિ દત્તમંદિર ખાતે શ્રી રંગ અવધૂત જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે પાદુકા પૂજન કરવામાં આવશે. તા. ૧ નવેમ્બર શનિવારે સાંજે ૭ થી ૧૦ કલાક સુધી વિધિ યોજાશે. કાર્યક્રમમાં પાકુદા ઉપર વસ્ત્ર અર્પણ કરવા માટે ભાઈઓએ પિતાંબર ધોતી અને બહેનોએ સાડી પહેરવી અનિવાર્ય છે. પાદુકા પૂજનમાં નગરજનોને દર્શનાર્થે ઉપસ્થિત રહેવા આચાર્ય નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

### આજે વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

શ્રી ગાંધીનગર વણકર સમાજની વાર્ષિક સાધારણ સભા અને નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ આજરોજ બપોરે ૨.૩૦ વાગે સેક્ટર-૨૨ રંગમંચ ખાતે યોજવામાં આવશે. સમારોહમાં પ્રથમ બેઠક અને ત્યારબાદ ૪.૩૦ કલાકે સ્નેહમિલન સમારોહ યોજાશે. સમારોહ દરમિયાન ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે. જેના પાસ સેક્ટર પ્રતિનિધિ પાસેથી મેળવી લેવાના રહેશે.

### વાવણીનો ધીમો પ્રારંભ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

વિસ્તારમાં નોંધાયું છે. જિલ્લાની ખેતીવાડીમાં ખેડૂતોનો બદલાતો મિજાજ જોતાં જુવાર અને અન્ય ઘાસચારાના પાકોનું વાવેતર ૧૦૦૦ હેકટર જેટલું થવા પામ્યું છે.

રાઈના પાકની વાવણીની સમય મર્યાદા પુરી થઈ ગઈ છે. જો કે ઠંડી હજુ બહુ જામી ના હોવાથી હજુ એકાદ હજાર હેકટર વિસ્તારમાં તે વધે તેવી શકયતાઓ છે. આ ઉપરાંત ઘઉંનું વાવેતર પણ હવે ધીમી ગતીએ આરંભાશે તેમ મનાઈ રહ્યું છે.

આ વખતની રવિ સીઝનમાં જે વાવતેર અત્યાર સુધીમાં નોંધાયું છે તેમાં સૌથી ઓછુ વાવેતર કલોલ પંથકમાં છે. જયારે ખેતી ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરનાર માણસામાં પણ ૧૨૦૦ હેકટર વિસ્તારમાં જ વાવેતર થયું છે.

આ વખતે રવિ સીઝનમાં ૭૦ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર થાય તેવી શકયતાઓ છે.જો કે જે રીતે હવામાનની પ્રતિકૂળતાઓ બની રહી છે તે જોતાં વિસ્તારમાં ઘટાડો થાય તેવા સંકેતો રહેલા છે.


### જાહેર નિવિદા નં.૪ સને ૨૦૧૪-૨૦૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૧.૮૧ લાખથી ૨.૧૦ સુધીના કામ પાણી / ગટર વેરાના બીલોનું કોમ્પ્યુટરાઈઝ ડેટા એન્ટ્રી / જોબ વર્ક કરતા તથા બીલોનું વિતરણ કરતા અનુભવી ઈજારદારો પાસેથી સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૧/૧૧/૨૦૧૪ રહેશે અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૮/૧૧/૨૦૧૪ છે. શક્ય હશે તો ભરાઈને મેળવેલ ટેન્ડર તા. ૧૯/૧૧/૨૦૧૪ના રોજ ૧૨.૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. અનુ નં.૨ના ટેન્ડરો પેટા વિભાગ નં. ૧૮ ગાંધીનગર તરફથી ઉપર જણાવેલ તારીખે આપવામાં આવશે તથા સ્વીકારાશે. આ નિવિદા અંગેની વધુ વિગતો માટે ઉપરોક્ત કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૫૩૭/૨૦૧૪-૧૫

### શબ્દાવલી - ૫૫૪૫



**આડી ચાવી**

૧. ન્યૂઝ, ખબર (૪)
૪. ફેલાવો, જાણ કરવી (૩)
૬. તુક્કા (૨)
૭. ગાંઠ, આંટી-ગેડ (૨)
૯. એક બાળરમત (૬)
૧૧. એક કઠોળ - અનાજ (૩)
૧૨. દારૂગોળો ફેંકવાનું સાધન(૨)
૧૩. 'મગદાળ' શબ્દ આડો અવળો (૪)
૧૪. બળવાન, બહાદુર (૨)
૧૫. લોઢી, તવો (૨)
૧૬. કેડી, રસ્તો (૩)
૧૯. તેલીબીયા (૨)
૨૧. 'ઉધાર'નું વિરોધી (૨)
૨૨. તહોમત, આળ (૩)
૨૩. ફાયદો, લાભ (૪)

**ઊભી ચાવી**

૧. જાગૃત, સતેજ (૩)
૨. પરીક્ષામાં મેળવેલ ગુણ(૨)
૩. જેમતેમ કરીને, ધીમે ધીમે(૬)
૫. ચામડા જેવી ટકાઉ વસ્તુને પણ ઓછા વપરાશે તોડી નાખે તેવો (૫)
૮. ડીયો, અંગુઠો બતાવી ના કહેવી(૨)
૯. અડદીયામાં આ લોટ નંખાય (૩)
૧૦. ગુસ્સો, ક્રોધ (૨)
૧૧. અટકચાળુ, તોફાની (૫)
૧૩. વિચાર, વોટ (૨)
૧૪. ખુબ હોવું તે, અતિશય(૪)
૧૭. આશ્ચર્ય, નવાઇ (૩)
૧૮. પહાડ, ડુંગર (૩)
૨૦. સવા નવ ને પાંચ એટલે... થાય (૨)

**શબ્દાવલી ૫૫૪૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) લેબોરેટરી (૪) અલી (૫) કલીયુગ (૬) ગુલામ (૯) મહી (૧૧) ડફલી (૧૨) અચેત (૧૩) કોલ (૧૪) પતી (૧૫) નિડર (૧૬) (૧૯) પનાહ (૨૧) મધરાત (૨૨) નજર

**ઊભી ચાવી :-** (૧) લેભાગુ (૨) ટક (૩) રીલીફ (૪) અગમચેતી (૭) લાડકોડ (૮) મફલર (૧૦) હીત (૧૨) અપનાપન (૧૫) નિયમ (૧૭) પ્રહર (૧૮) વાત (૨૦) નાજ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

નૂતન વર્ષાભિનંદન
આવો સૌ સાથે મળી નૂતન વર્ષમાં આપના સૌના સહિયારા પ્રયાસથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બનાસકાંઠા - પાલનપુર દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમોમાં જિલ્લાના અતિ જરૂરિયાતમંદ વર્ગોના ઉત્થાન માટે કામ કરવાનો સંકલ્પ કરીએ...
(૧) એન.આર.ઈ.જી.એ. યોજના હેઠળ રોજગારી વાંચ્છુક કુટુંબને ૧૦૦ દિવસની રોજગારી મળી રહે તેવા પ્રયાસો કરીએ.
(૨) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ વિહોણા પાત્રતકા ધરાવતા ૦ થી ૨૦ ગુણાંકવાળા બી.પી.એલ. કુટુંબોને રહેણાંક માટે આવાસની સુવિધા પુરી પાડીએ.
(૩) દરેક ગામને નિર્મળ ગામ બનાવીએ, દરેક ગામમાં દરેક કુટુંબને સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલયની સુવિધા પુરી પાડીએ.
(૪) ગામના અતિપછાત ગરીબ લોકોને જૂથમાં જોડી આર્થિક રીતે પગભર કરવાના પ્રયાસો કરીએ.
એસ.એન. ગામીત G.A.S.
ચેરમેન - વ - નિયામક :
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બનાસકાંઠા - પાલનપુર
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
બનાસકાંઠા - પાલનપુર
'ગ્રામ વિકાસ સંકુલ, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર
ફોન : ૦૨૭૪૨-૨૬૦૦૦૪, ૨૬૦૪૦૪, ફેક્સ નં. ૦૨૭૪૨-૨૫૩૮૫૦